# ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ડૉ સુધાંશુ ત્રિવેદીની પત્રકાર-પરિષદના મુખ્ય અંશો

યુપીએ સરકારનું જે રીતે કુશાસન અને ખોટી નીતિઓને કારણે જનતા અને સમાજના વિવિધ વર્ગોએ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેના લીધે જનતામાં હતાશાનું વાતાવરણ સર્જાયું છે અને ભારે આક્રોશ ભભુકી રહ્યો છે. વિજ્ઞાન ભવનમાં વડા પ્રધાનના વકતવ્ય દરમિયાન જે કંઈ બન્યું તેની પાછળ આવો આક્રોશ જ કારણભૂત હતો.

યુપીએ સરકાર જે રીતે પ્રસાર માધ્યમોમાં પોતાની પ્રશંસાની જાહેરખબરો આપી રહી છે તેનાથી જનતાનો આક્રોશ વધુ ભભુકી ઊઠ્યો છે, કારણ કે જાહેરખબરોમાં સરકારની અસંવેદનશીલતા અને રાજવંશની આત્મપ્રશંસા જ દર્શાવવામાં આવી રહી છે.

આપને કદાચ એ યાદ હશે જ કે આ વિજ્ઞાનભવનમાં વર્ષ 2008માં વડા પ્રધાને કહ્યું હતું કે દેશના સંસાધનો પર પહેલો અધિકાર મુસ્લિમોનો છે. વડા પ્રધાનનું આવું નિવેદન સાંપ્રદાયિક અને વિવાદાસ્પદ હતું. પરંતુ છ વર્ષ બાદ અત્યારે લઘુમતીની જે હાલત છે તેના લીધે આવો આક્રોશ સર્જાયો છે. સામાન્ય જનતા અને લઘુમતી વર્ગ પોતાને છેતરપિંડીનો ભોગ બનેલા હોવાની અનુભૂતિ કરી રહ્યા છે.

યુપીએ સરકારે લઘુમતી માટે અત્યાર સુધીમાં આપેલા વચનોના ઊંડાણમાં જવાને બદલે આપણે મુખ્ય મુખ્ય અંશો પર નજર કરીએઃ

(1) સંસદની સ્થાયી સમિતિનો જે અહેવાલ મે-2013માં રજૂ થયો તેમાં એવી સ્થિતિ સ્પષ્ટ થાય છે કે સામાજિક ન્યાય, શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રોમાં નિર્ધારિત કરવામાં આવેલા લક્ષ્યોમાંથી ખુબ ઓછા લક્ષ્ય સાકાર થઈ શક્યા છે. લઘુમતી મંત્રાલયને ફાળવવામાં આવેલા રૂ.3135 કરોડના ભંડોળમાંથી રૂ.969 કરોડ એટલે કે લગભગ 30 ટકા રકમ ખર્ચ થઈ શકી નથી.

યુપીએ સરકારે મતબૅન્કના રાજકારણને ખાતર લઘુમતી વિકાસ સચ્ચર સમિતિની નિમાણૂક કરી હતી તેના અહેવાલમાં લઘુમતીની કફોડી હાલત દર્શાવવામાં આવી છે. તેઓની એવી હાલત માટે કોણ જવાબદાર છે એ એક સવાલ છે. છ વર્ષનું એનડીએ સરકારનું શાસન કે પછી કોંગ્રેસનો 56 વર્ષનો કાર્યકાળ તેના માટે કારણભૂત છે, એવો સવાલ ચર્ચાઈ રહ્યો છે.

દેશની સામાન્ય જનતા જાણે જ છે કે લઘુમતીની દયાજનક હાલત માટે કોંગ્રેસનું 60 વર્ષનું કુશાસન કારણભૂત છે નહિ કે એનડીએનું છ વર્ષનું શાસન.

(2) ઉત્તર પ્રદેશની અખિલેશ સરકાર દ્વારા લખનઊમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના દેખાવકાર વિદ્યાર્થીઓ પર જે રીતે લાઠીચાર્જ કરવામાં આવ્યો તે વખોડવા લાયક છે. ભાજપ તે ઘટનાની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢે છે

**(એન્જિ. અરૂણકુમાર જૈન)**

**કાર્યાલય મંત્રી**